**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩/૨/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૩૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૩૬/૧૫**

**નરોડા :** જયેશકુમાર રમેશભાઇ પટેલ (રહે.આશ્રય ફ્લેટ, ઇન્દીરા બ્રીજ કોર્નર, હાંસોલ) એ તા.૨/૨/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૨/૧૫ નાં પાંચ માસ અગાઉ આરોપી (૧) મોહન ટોપનદાસ સેજાણી (રહે.કુબેરનગર) (૨)સુનીલ ઉર્ફે અભી ચેપતારામ મુરજાની (રહે.કુબેરનગર) (૩) સંદિપ કિશનસિંગ યાદવ(રહે.નરોડા) અને (૪) યોગેશભાઇ શાહ (રહે.નવરંગપુરા) એ ભેગામળી નરોડા સૈજપુર બોઘા જી.ડી.હાઇસ્કુલની બાજુમાં કોહીનુર ટેક્ષટાઇલ્સ, શક્તિ મેઇન કંમ્પાઉન્ડ ખાતેથી જયેશકુમાર પાસેથી ૨,૬૦,૦૦૦ મીટર ગ્રે કાપડ કિંમત રૂપિયા ૫૪,૬૦,૦૦૦/- લઇ જઇ તે પેટેનાં ચુકવવાનાં થતાં નાણાં જયેશભાઇને નહીં ચુકવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૭/૧૫**

**વટવા :** શરીફભાઇ ફૈયાઝભાઇ શેખ (રહે.બાગે કૌશરની બાજુમાં, ગોશીયા પાર્ક, કેનાલ રોડ, વટવા) એ તા.૨/૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧/૧૫ રાતનાં ૧૧/૦૦ થી તા.૨૮/૧/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન મોહસીન પાર્ક સોસાયટી ખાતેની પોતાની દુકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી લીયો કંપનીનું કટીંગ મશીન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, ડેનીમ કંપનીનું કાપડ રોલ નંગ-૧ કિંમત રૂપિયા ૭૦૦૦/-, અસ્તર કાપડ કિંમત રૂપિયા ૬૦૦૦/- કોટન કાપડ કિંમત રૂપિયા ૧૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૮/૧૫**

**માધવપુરા :** કમલકુમાર કિશનભાઇ કનોજીયા (ઉ.વ.૫૧)(રહે.શ્રેય એપાર્ટમેન્ટ, કેશવબાગ વાડી, રામાપીરનો ટેકરો, નવા વાડજ) એ તા.૨/૨/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧/૧૫ સવારનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર શાક માર્કેટ શેરડીવાળાની દુકાન પાસે આરોપી (૧) હસ્તિમલ ઉર્ફે કપીલ રાજુભાઇ ભુસઇ (૨) સચિન રાજુભાઇ ભુસઇ તથા તેની સાથેનાં બીજા અજાણ્યા ઇસમોએ ભેગામળી કમલકુમારને ધક્કો મારી, તેમની નજર ચુકવી શર્ટનાં ઉપરનાં ખિસ્સામાં મુકેલ રોકડા રૂપિયા ૪૩,૫૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો ભરેલ પર્સની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી વિક્રમસિંહ હિમ્મતસિંહ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૯/૧૫**

**ચાંદખેડા :** સતપાલસિંગ સુરજીતસિંગ ધાણીવાલ (રહે, જયદિપ રો હાઉસ, વિસતમાતાના મંદિર પાસે, ચાંદખેડા) એ તા.૩૧/૧/૧૫ નાં કલાક ૧/૩૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા કેશવકુંજ સોસાયટીના પાછળના ગેટ પાસે, કચરાપેટી નજીક પોતાની ટાટા કંપનીની આઇવા હેવી ટ્રક નંબર જીજે.૧૮.એ.ટી.૯૨૭ કિંમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તી ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ સતપાલસિંગ ધાણીવાલે તા.૨/૨/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૪૦/૧૫**

**સોલા હાઇકોર્ટ :** રાજુભાઇ કેશવભાઇ યાદવ (રહે.હાઇકોર્ટ એમ્પલોય સોસાયટી, વસંતનગર ટાઉનશીપ, ગોતા) એ તા.૨/૨/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧/૧૫ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઓગણજ સેન્ટ મેરી સ્કુલના ગેટ આગળ રાજુભાઇનાં પિતાજી કેશવભાઇ (ઉ.વ.૭૦) રોડ ક્રોસ કરતાં હતા દરમ્યાન મોટર સાયકલ નંબર જીજે.૧.પી.ઇ.૪૭૬૨ નાં ચાલકે પોતાનું મોટર સાયકલ બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી કેશવભાઇને ટક્કર મારતાં, શરીરે માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડતાં સારવાર અર્થે મિલન શેઠ ઓર્થોપેડીક હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨/૨/૧૫ સવારનાં ૮/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.

**ત્યજી દિધેલ મૃત બાળક મળી આવવા બાબત.:** **સમાચાર યાદી નં.૨૪૧/૧૫**

**ખોખરા :** તા.૨/૨/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે ખારી કેનાલ નજીક કૈલાસવન બગીચાની પાસેથી તાજુ જન્મેલ બાળક મૃત હાલતમાં ખોખરા પોલીસને મળી આવતાં અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ખોખરા પોલીસે ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૨૪૨/૧૫**

**ઇસનપુર : (૧)** શૈલેષભાઇ જીણાભાઇ ટાંક (ઉ.વ.૨૨)(રહે.ઘનશ્યામનગર ટેનામેન્ટ, કામેશ્વર પાર્ક પાસે, કેનાલ રોડ, ઘોડાસર, ઇસનપુર) એ તા.૧/૨/૧૫ સાંજના ૪/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન કોઇ અગમ્ય કારણસર ઘરમાં રૂમનાં પંખા સાથે દોરડુ બાંધી ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

**(૨)** સરીતાબેન W/O જગદીશભાઇ પરમાર (ઉ.વ.૨૪)(રહે.ગંગાબેનની ચાલી ચોકસીપાર્ક ભાડુઆતનગર ઇસનપુર) એ તા.૧૯/૧૧/૨૦૧૪ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જાતે કેરોસીન છાંટી સળગી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૨/૨/૧૫ ના કલાક ૭/૦૦ વાગ્યે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.રાતડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.